ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સંપૂર્ણ સ્વસ્થ

**સાત દિવસ સુધી તમામ મુલાકાતો રદ – હાલ તેઓના નિવાસસ્થાનેથી રાજ્ય સરકારની તમામ કામગીરીનું સંચાલન અને તંત્રનું માર્ગદર્શન ટેકનોલોજીના ઉપયોગથી વિડીયો કોન્ફરન્સ, વિડીયો કોલીંગ અને ટેલિફોન સંવાદ દ્વારા કરી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સ્વાસ્થ્યનું બુધવારે સવારે ગુજરાતના અગ્રણી તબીબો ડૉ. આર. કે. પટેલ અને ડૉ. અતુલ પટેલ દ્વારા પરિક્ષણ કરવામાં આવ્યું છે.



મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ સંદર્ભમાં જણાવ્યું કે મુખ્યમંત્રી સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેમના તમામ પેરામિટર્સ નોર્મલ છે.

મુખ્યમંત્રી હાલ તેઓના નિવાસસ્થાનેથી રાજ્ય સરકારની તમામ કામગીરીનું સંચાલન અને તંત્રનું માર્ગદર્શન ટેકનોલોજીના ઉપયોગથી વિડીયો કોન્ફરન્સ, વિડીયો કોલીંગ અને ટેલિફોન સંવાદ દ્વારા કરી રહ્યા છે.

મુખ્યમંત્રીના નિવાસસ્થાને આવતા એક સપ્તાહ સુધી કોઈપણ મુલાકાતીને પ્રવેશ આપવામાં નહી આવે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સરકારની તમામ કામગીરીનું સંચાલન અને માર્ગદર્શન ટેકનોલોજીના ઉપયોગથી મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી રાબેતા મુજબ કરશે તેમ પણ અશ્વિનીકુમારે ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે ૧૪ એપ્રિલ, મંગળવારે બપોરે મુખ્યમંત્રીના નિવાસસ્થાને અમદાવાદ શહેરના ત્રણ ધારાસભ્યો સર્વ ગ્યાસુદિન શેખ, શૈલષભાઈ પરમાર અને ઈમરાન ખેડાવાલાની મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી સાથે બેઠક યોજવામાં આવી હતી.

અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં કોરોના વાયરસના વધતા જતા સંક્રમણને પગલે આ વિસ્તારોની પરિસ્થિતીની ગહન ચર્ચા અને તકેદારી રૂપે કરફયુ જાહેર કરવાની સમગ્ર બાબતોના પરામર્શ માટે આ બેઠક યોજવામાં આવી હતી.

મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું કે આ બેઠકમાં હાજર રહેલા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને તાવ અને શરદીના લક્ષણો જણાતાં તબીબી પરિક્ષણ કરાવેલું જેનો રિપોર્ટ આવવાનો બાકી હતો.

આ દરમ્યાન તેઓ મુખ્યમંત્રી નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ મંગળવારે સાંજે ખેડાવાલાનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું બુધવારે આરોગ્ય પરિક્ષણ કરવામાં આવ્યું હતું, એમ પણ મુખ્યમંત્રીના સચિવે ઉમેર્યુ હતું.

## મુખ્યમંત્રીએ કોંગ્રેસના ત્રણેય ધારાસભ્યના ખબરઅંતર પૂછ્યા

ગાંધીનગર, તા. ૧૫

કોરોનાનો રિપોર્ટ પેન્ડિંગ હોવા છતાં ધારાસભ્ય ખેડાવાલા ગઈકાલે મુખ્યમંત્રીને મળ્યાં હતાં અને પોતાની નાદુરસ્ત તબિયતની વાત છૂપાવી હતી અને છતાંય ફોન કરીને તેમણે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના ખબરઅંતર પૂછ્યા, જલ્દીથી સ્વસ્થ થઈને લોકોની સેવામાં લાગી જવા શુભેચ્છાઓ આપી!

અમદાવાદના ખાડિયા વિસ્તારના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને તેમણે સામેથી ફોન કરીને તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને તેમની સ્વસ્થતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

અમદાવાદ શહેરના અન્ય ધારાસભ્યો ગ્યાસુદિન શેખ અને શૈલેષભાઈ પરમાર સાથે ટેલિફોનિક વાતચીત કરી આ ધારાસભ્યોના ખબર પણ સીએમ રૂપાણીએ પૂછ્યા હતા. આ બેઉ પણ ખેડાવાલાની સાથે જ મુખ્યમંત્રીને મળ્યા હતા. ગ્યાસુદિન શેખ અને શૈલેષ પરમાર બેય આઈસોલેશનમાં છે ત્યારે તેઓ પોતાના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખે તેવી લાગણી તેમણે વ્યકત કરી હતી.

# કોલવડાની કોરોનાગ્રસ્ત મહિલાના પતિ અને દીકરાનો રીપોર્ટ નેગેટીવ

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર નજીક સ્થિત કોલવડા ગામની મહીલાને કોરોના પોઝિટીવ આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયુ હતુ. આરોગ્ય તંત્રની ૧૬ જેટલી ટીમ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન સર્વેલન્સ પણ કરવામાં આવ્યો છે. મહીલાના પતિ તેમજ તેણીના દિકરાનો રીપોર્ટ નેગેટીવ આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૧૬ કેસ નોંધાયા છે. જયારે ગઈકાલે શહેર નજીક સ્થિત કોલવડા ગામની એક મહીલાને પણ કોરોના પોઝીટિવ આવતા સમગ્ર આરોગ્ય તંત્રની ટીમ કોલવડા પહોંચી હતી. આરોગ્યની ટીમ દ્વારા આ વિસ્તારમાં સર્વેલન્સની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્રની ટીમ દ્વારા મહીલાના નિવાસ સ્થાન વડવાળા વાસમાં ફયુમિગેશન કરાયુ હતુ. આ ઉપરાંત ગામમાં પણ દવાનો છંટકાવ કરાયો હતો. કોલવડામાં મહીલાને કોરોનો ટેસ્ટ પોઝીટીવ આવતા પ્રાંત અધિકારી સહીત તાલુકા વિકાસ અધિકારી સહીતના ટીમ ગામમાં પહોંચી હતી. તપાસના અંતે મહીલા કેન્સરની દર્દી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. આ મહીલાને કેન્સરની બિમારીની આગળ તપાસ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગયા હતા. ત્યારબાદ તેમને તાવ ન ઉતરતા ચાંદખેડા નજીકની એક ખાનગી સિવિલ હોસ્પિટલમાં ગયા હતા. ત્યારબાદ ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેમનો કોરોના ટેસ્ટ પોઝિટીવ આવ્યો હતો. મહીલા અને તેમનો દિકરો હોસ્પિટલમાં છે. જયારે આજે તેમના પતિ અને દિકરાનો ટેસ્ટ નેગેટીવ આવ્યો છે.

# લોકડાઉન પાર્ટ-ટુના અસરકારક અમલ માટે પોલીસ હવે વધુ કડક

**શોપિંગમાં દુધ શાક લેવા આવતા નાગરિકો સાશિયલ ડીસ્ટન્સીંગ જાળવે તે માટે પણ પોલીસની સતત નજર : એન્ટ્રી પોઇન્ટ સહીત સેકટરોમાં પેટ્રોલીંગ અને ચેકીંગ વધારી દેવાયુ**



ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં લોકડાઉનના બીજા તબક્કામાં પોલીસે કડક વલણ અપનાવ્યુ છે. કોઈપણ વ્યકિત જરૂરી કામ સિવાય બહાર ન નિકળે તે માટે પેટ્રોલીંગ વધારી આવા નાગરિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સેકટરો તેમજ એન્ટ્રી પોઈન્ટ અને સર્કલો આસપાસ પણ પોલીસ પહેરો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત સેકટરોમાં પણ શોપિંગ સેન્ટરો પાસે દુધ શાક ખરીદવા આવતા નાગરિકો સોશિયલ ડીસ્ટન્સીંગનુ યોગ્ય પાલન કરે તે માટે જરૂરી પોલીસ પહેરો જોવા મળી રહ્યો છે.

શહેરમાં છેલ્લા ૨૨ દિવસથી લોકડાઉન ચાલી રહ્યુ છે. જેના લીધે શહેરના માર્ગો સેકટરોની શેરીઓ અને શોપિંગ બજારોમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.

શહેરમાં લોકડાઉનનુ કડક પાલન થઈ રહ્યુ છે. જયારે લોકડાઉન ૦૨ જાહેર કરાયા બાદ શહેર જિલ્લામાં વધુ કડક અમલ માટે પણ જિલ્લા પોલીસ તંત્ર હરકતમાં આવ્યુ છે. શહેર જિલ્લાને જોડતા રસ્તાઓના એન્ટ્રી

● અનુસંધાન પાન-૭ પર

# વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકમાં મહત્વના નિર્ણયો

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની સતત ત્રીજી વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકમાં રાજ્યમાં પ્રવર્તમાન કોરોના વાયરસના સંક્રમણની સ્થિતી, આરોગ્ય વિભાગની કામગીરી તેમજ અનાજ વિતરણ અને લોકડાઉનની સ્થિતી અંગે સર્વગ્રાહી ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રી પોતાના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાનેથી અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ જિલ્લામથકોએ કલેકટર કચેરીમાંથી આ વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટમાં સહભાગી થયા હતા.

**રાજ્યના ઊધોગ-બાંધકામ-આર્થિક ગતિવિધિઓમાં છૂટછાટ કેન્દ્રીય ગાઇડલાઇન્સ અનુસાર આપવાના માસ્ટર પ્લાનને આખરી ઓપ અપાયો : જિલ્લા-તાલુકા-નગર-ગ્રામ્યકક્ષાએ ઊનાળામાં પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે કલેકટરો-પ્રભારી મંત્રીઓ સાથે પરામર્શમાં રહી માસ્ટર પ્લાન ઘડે-અમલ કરે : ગુજકોમાસોલ દ્વારા રાયડા-ચણાની ખરીદી તાત્કાલિક શરૂ કરવામાં આવે**

આ બેઠકમાં રાજ્ય મંત્રીમંડળે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

તદ્‌અનુસાર, કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ અન્વયે રાજ્યના ઉદ્યોગો, બાંધકામ અને આર્થિક ગતિવિધિઓમાં છૂટછાટ આપવા માટેના માસ્ટર પ્લાનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આવતીકાલે રાજ્ય સરકાર આ માસ્ટર પ્લાનની જાહેરાત કરશે.

આ કેબિનેટ બેઠકમાં મહત્વનો નિર્ણય લઈને મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે કોઈ જિલ્લા, તાલુકા, નગર કે ગ્રામ્યકક્ષાએ પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે જિલ્લા કલેકટરોને પ્રભારી મંત્રીઓના પરામર્શમાં રહીને માસ્ટર પ્લાન ઘડી તેનો અમલ કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય મંત્રીમંડળની વિડીયો કોન્ફરન્સ માધ્યમથી મળેલી આ કેબિનેટ બેઠકમાં ખેડૂતો માટે હિતકારી નિર્ણય લઈને ગુજકોમાસોલ દ્વારા ચણા અને રાયડાની ખરીદી તાત્કાલિક શરૂ કરવામાં આવે તે માટેની સૂચનાઓ આપી હતી.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ તમામ જિલ્લા કલેકટરોને પોતાના વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

# બજાર શરૂ કરવા માટે આજથી ખેડુતોનુ રજીસ્ટ્રેશન કરાશે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર જિલ્લામાં માર્કેટ યાર્ડ શરૂ કરવા માટે આજે જિલ્લા રજીસ્ટ્રારની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં સમિતિના વિવિધ સભ્યો હાજર રહ્યા હતા. જયારે તા ૧૬ એપ્રિલથી બજર સમિતિમાં વેચાણ શરૂ કરવા માટે ખેડુતોનુ રજીસ્ટ્રેશન શરૂ કરવા માટે સર્વસંમતિથી નિર્ણય લેવાયો હતો. ખેડુતોનુ રજીસ્ટ્રેશન કરવા માટે સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩થી ૫ નો સમય નક્કી કરવામાં આવ્યો છે. દહેગામ,માણસા, કલોલ ગાંધીનગરમાં હરાજી માટે તા ૨૦ એપ્રિલના રોજ સવારે ૯ કલાકથી પ્રક્રિયા હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો છે. ખેડુતોને ખેત બજાર સમિતિ મુજબ ખેડુતોને નોંધણી કરાવવા મોટ ગાંધીનગરમાં ૯૭૨૩૦૨૬૩૪૭, કલોલ માટે ૯૨૬૫૦૫૦૩૧૮, માણસા માટે ૦૨૭૬૩૨૭૨૭૫૧ જયારે દહેગામ માટે ૯૭૨૨૨૨૯૯૮૮ નો સંપર્ક કરવા જણાંવાયુ છે. નોંધણી મુજબ ખેડુતોને અગાઉથી નંબર ફાળવવામાં આવશે. બજાર સમિતિમાં કામ કરતા ખેડુતો વેપારી, કમિશન એજન્ટ, હમાલ,સહીતના કર્મચારીઓએ ખેડુતોનુ સંપુર્ણપણે માસ્ક સેનેટાઈઝેશન અને ગ્લોઝની પુરતી વ્યવસ્થા કરવાની રહેશે. કોરોના વાયરસનુ સંક્રમણ ન થાય તે માટે જરૂરી તમામ પગલા લેવાના રહેશે. તેમ પણ ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્રના નાયબ નિયામકે જણાંવ્યુ છે.

# સ્વાધ્યાય પરિવાર દ્વારા મનપાને ફોગિંગ મશીન અર્પણ

**આ ફોગિંગ મશીન ૬૦૦ લીટર દવાનો છંટકાવ માત્ર દોઢ કલાકમાં પાંચ કિલોમીટર વિસ્તારમાં કરી શકે**





ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં સેનિટાઈઝેશન માટે સ્વાધ્યાય પરિવાર દ્વારા ફોગિંગ મશીન આપવામાં આવ્યું છે. આ મશીન થકી માત્ર દોઢ કલાકના ટુંકા સમયમાં ૬૦૦ લીટર દવાનો છંટકાવ કરી શકાય છે. આ ફોગિંગ મશીનની લાઈવ કામગીરીનું નિરીક્ષણ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી રીટાબેન પટેલે કર્યુ હતું.

હાલ સમગ્ર દેશમાં કોરોના મહામારી પોતાનો પંજો પ્રસરાવી રહી છે. સમસ્ત ભારત એકજૂથ બની તેનો પ્રતિકાર કરી રહ્યો છે. આવા સમયે સ્વાધ્યાય પરિવાર દ્વારા અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત મહાનગરપાલિકા બાદ ગાંધીનગર મહાનગરપાલિકાને સેનિટાઈઝેશનનું કામ ઝડપી કરવા માટે ઓપરેટર સાથેનું ફોગિંગ મશીન આપવામાં આવ્યું છે. આ મશીન થકી ૬૦૦ લીટર દવાનો છંટકાવ માત્ર દોઢ કલાકના ટુંકા સમયમાં કરી શકાય છે. આ ૬૦૦ લીટર દવામાં આ મિશન દ્વારા ૫ કિલોમીટર વિસ્તારને સેનિટાઈઝેશન કરી શકે છે.

આ ફોગિંગ મશીન સામાન્ય સ્થિતિમાં અંદાજે દોઢ મીટરની પહોળાઈ ધરાવે છે, તે ઉપરાંત આ મીશનના આગળના ભાગમાં બન્ને સાઈડ અંદાજે ૨૦ફૂટના પાઈપમાં ૨૦ સ્પ્રે કરી શકે તેવી સુવિધા છે. એટલે કે ગાંધીનગરના હાર્દ સમા માર્ગોનો એક સાઈડનો સમગ્ર ભાગ આ મીશન થકી દવાનો છંટકાવ કરી શકાય છે. તેમજ સેકટર-૨૪, બોરીજ જેવા વિસ્તાર કે જયાં નાની ગલીઓ આવેલી છે, તેવા વિસ્તારમાં પણ આ મશીન સરળતાથી આવન જવાન કરી શકે છે, જેથી આ વિસ્તારમાં પણ દવા છંટકાવ કરવામાં આ મશીન ખૂબ ઉપયોગી નીવડશે.

તે ઉપરાંત સ્વાધ્યાય પરિવાર દ્વારા ગાંધીનગર જિલ્લાના પોલીસ જવાનો અને સફાઈ કામદારોને માસ્ક, સેનીટાઈઝરની એક કિટસ એવી ૫૦૦૦ જેટલી કિટસનું વિતરણ કરવામાં આવ્યું છે.

આજે ગાંધીનગર મહાનગરપાલિકાને સ્વાધ્યાય પરિવાર થકી અર્પણ કરવામાં આવેલા ફોગિંગ મશીન કેવી રીતે કામગીરી કરે છે, તેની જાણકારી મેળવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર સાથે ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સહિત મોટી સંખ્યામાં કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં કોવિડ - ૧૯ સામે વિશેષ તકેદારીના પગલા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના પ્રકૃતિ ઉદ્યાનમાં કામ કરતા રોજમદારોને માસ્ક તેમજ સેનેટાઈઝરની સુવિધા પુરી પાડવામાં આવતી ન હોવાના મામલે નાયબ નિયામક આઈ કે બારડના જણાંવ્યા મુજબ પ્રકૃતિ ઉદ્યાનમાં ગત તા ૮ એપ્રિલના રોજ સેનીટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. જયારે વન્યજીવોના આવાસો અને આસપાસના વિસ્તારને સમયાંતરે સોડીયમ હાઈપોકલોરાઈટ તેમજ કોર્સોલીન જેવા કેમીકલ્સની મદદથી વખતો વખત ડિસઈન્ફેકશન કરવામાં આવે છે.

આ ઉપરાંત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના રોજમદારની ઈન્ફા રેડ થર્મોમીટરની ગનથી પ્રાથમિક સ્વાસ્થય ચકાસણી કાયમી ધોરણે કરવામાં આવી રહી છે. જયારે કોરોનાના વિષાણુઓ પ્રકૃતિ ઉદ્યાનમાં ન પ્રવેશે તે માટે વાહનો પણ સેનેટાઈઝ કરવામાં આવે છે. રોજમદારો તેમજ અન્ય અનિવાર્ય સેવા માટે ફરજ પર હાજર કર્મચારીઓને પણ સેનેટાઈઝર અને માસ્ક પુરા પાડવામાં આવ્યા છે.

# તબલીગી જમાત સંદર્ભે ગાંધીનગરના બે સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૫

રાજ્યના પોલીસ વડા શીવાનંદ ઝાએ આજે સાંજે પત્રકાર પરિષદમાં છેલ્લા ૨૪ કલાકની વિગતો આપતા જણાવ્યું હતું કે, તબલીગી જમાત સંદર્ભે મહારાષ્ટ્રના ભુસાવળ ખાતે ગાંધીનગરના બે અને મહેસાણાના બે વ્યક્તિઓ ગયા હતા. તેમના ઓળખ થઈ ગઈ છે. અને તેમના સામે લોકડાઉનના ભંગ અંગે ગાંધીનગરમાં બે અને મહેસાણામાં એક ગુનો નોંધવામાં આવ્યો છે.

શ્રી ઝાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં એપીએમસીમાં ખેતપેદાશોની ખરીદીની પ્રક્રિયા શરૂ થઈ છે ત્યારે તે જગ્યાઓ પર ભીડ ન થાય તે માટે પુરતો બંદોબસ્ત ફાળવી દેવાયો છે. લોકડાઉનના ચુસ્ત અમલ માટે ડ્રોન અને સીસીટીવી દ્વારા પોલીસ દ્વારા ચાંપતી નજર રખાઈ રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com